# વડોદરા ગામે વીજ ધાંધિયાથી ગ્રામજનો ત્રસ્ત

## છેલ્લા બે વર્ષથી રોજ સાંજે ૬ થી ૧૧ વાગ્યા દરમિયાન સતત થતા લાઈટ ટ્રીપીંગથી વીજઉપકરણોને નુકશાન : સરપંચ ૪૦ ગ્રામજનો સાથે વીજકંપનીની ઓફિસે ઘસી ગયા

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના વડોદરા ગામના સીમ વિસ્તારમાં અનિયમિત વીજપુરવઠાથી ગ્રામજનો ત્રસ્ત થઈ જવા પામ્યાં છે. અનિયમિત વીજ પુરવઠાની સમસ્યા છેલ્લા બે વર્ષથી હોવા છતાં વીજકંપની દ્વારા આ બાબતે યોગ્ય નિરાકરણ લાવવામાં આવતુ નથી. દરરોજ સાંજના ૬ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા દરમ્યાન વીજળીના ધાંધિયા રહેતા ગ્રામજનો માટે રાતનું વાળુ કરવામાં પણ મુશ્કેલી પડી રહી છે. આ સમસ્યા અંગે ગ્રામજનોએ ચિલોડા યુજીવીસીએલના કાર્યાલયમાં લેખિત ફરિયાદ કરી હતી.

સતત છેલ્લા બે વર્ષથી વડોદરા ગામના સીમ વિસ્તારમાં વીજપ્રવાહનું વારંવાર ટ્રીપીંગ થવું સામાન્ય બની ગયું છે. વારંવાર લાઈટ ટ્રીપ થવાને કારણે ગ્રામવાસીઓના વીજઉપકરણો જેવા કે ટીવી, ફ્રીજ, ઈસ્ત્રી, પંખા, ટ્યુબલાઈટ્સ વગેરેને પણ નુકશાન થવા પામી રહ્યું છે. આ ઉપરાંત આ વિસ્તારના ગરીબ પરિવારોને તો રાત્રીના સમયે ભોજન કરવામાં પણ મુશ્કેલી નડી રહી છે. તેમજ રાત્રીના સમયે પંખા વિના ચોમાસાના સમયે મચ્છરનો ત્રાસ સહન કરવો પડે છે જેના કારણે મેલેરિયા જેવી બિમારીઓ ફેલાવાનો ભય પણ સતાવી રહ્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

આ સમસ્યા અંગે વડોદરા ગામના સરપંચ દીનુજી સોલંકી, સદસ્યો બાબુજી ઠાકોર અને ભરતજી ઠાકોર વગેરેએ ૪૦થી વધુ ગ્રામજનોને સાથે લઈને વીજકંપની યુજીવીસીએલના ચિલોડા કાર્યલયે લેખિત ફરિયાદ ડેપ્યુટી એન્જિનીયર આર.ડી. રામનાની તથા જુનિયર એન્જિનીયર આઈ.વાય. પઠાણને આપી રજૂઆત કરી હતી. યુજીવીસીએલના અધિકારીઓએ સત્વરે આ સમસ્યાનો ઉકેલ લાવવાની હૈયાધારણ ગ્રામજનોને આપી હતી.

# ચોર સમજીને મજુરની ધોલાઈ કરનાર ૭૫ની ઓળખ થઈ

## લુંટ-ધાડ, રાયોટીંગ અને એટ્રોસીટીનો ૧૨૦૦ ગ્રામજનો સામે ગુનો નોંધાયો હતો : હરસોલીનાં ગ્રામજનો ભૂગર્ભમાં

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના હરસોલી ગામે ચોર-લુંટારાની અફવાઓથી ફફડી ગયેલા ગ્રામજનોના ટોળાએ એક નિર્દોષ મજુરને પકડીને ઢોર માર માર્યો હતો. મજુરને બાંધીને મંદિરના થાંભલે લઈ જઈ અધમુવો કરી નાંખ્યો હતો. આ પ્રકરણમાં પોલીસે ૧૨૦૦ ગ્રામજનો સામે લુંટ-ધાડ, રાયોટીંગ, એટ્રોસીટી જેવા ગંભીર ગુનાઓ દાખલ કર્યા હતા. સોશ્યલ મીડીયા પર ફરતા થયેલા ફોટો-વિડીયોને આધારે પોલીસે આરોપીઓની ઓળખ કાર્યવાહી શરૂ કરી છે.

મજુરનો મારઝુડ કરતા ફોટોગ્રાફ અને વિડીયો સોશ્યલ મીડીયા પર ફરતા થયા હતા. આ વિડીયો-ફોટો કલેક્ટ કરીને દહેગામ પોલીસે આરોપીઓની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરી છે. ત્યારે અત્યાર સુધી ૭૫ જેટલા આરોપી ગ્રામજનોની આઈડેન્ટીફીકેશન થઈ જવા પામી છે અન્ય ફોટોગ્રાફને આધારે પોલીસે ઓળખ માટે દોડધામ ચાલુ રાખી છે. જો કે હજુ સુધી એક પણ આરોપીની ધરપકડ થવા પામી નથી. હરસોલી ગામના ગ્રામજનો ભુગર્ભમાં ઉતરી ગયા છે. પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી દીધી છે.

# રથયાત્રાને પગલે ગેસ્ટ હાઉસમાં ચેકીંગ કરવા એસ.પી.ની સુચના

ગાંધીનગર, તા. ૭

રથયાત્રા પર્વને ગણતરીના દિવસો બાકી છે ત્યારે રથયાત્રા દરમ્યાન જિલ્લામાં ક્યાંય કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કોમી એકતા જળવાઈ રહે તે ઉપરાંત શાંતિનું વાતાવરણ ડોહળુ કરવાના મલીન ઈરાદા સાથે કોઈ હોટલ-ગેસ્ટહાઉસ કે મકાન ભાડે રાખીને રોકાઈ કોઈ કૃત્ય ન આચરી જાય તેની તકેદારીના ભાગરૂપે હોટલ-ગેસહાઉસ ચેકીંગ કરવા તથા શંકાસ્પદ લોકો પર નજર રાખી તપાસ કરવા એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવે ગાંધીનગર એલસીબીને સુચના આપી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંગ યાદવની સુચનાને પગલે એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે તે દિશામાં કામગીરી શરૂ કરી છે. ગઈકાલે જુના સચિવાલય મુખ્ય દરવાજા નજીકથી ત્રણ શકમંદો દેખાતા એલસીબીએ સઘન પુછપરછ કરી હતી. ભરૂચ જિલ્લાના પાલેજ વિસ્તારના ત્રણેય વોન્ટેડ આરોપીઓ હોવાનું બહાર આવ્યુ હતુ. સબ્બીરખાન રહેમાનખાન પઠાણ, સલીમખાન રહેમાનખાન પઠાણ અને આસીફ ઈકબાલભાઈ પઠાણ ત્રણેયને પકડીને તપાસ કરતાં તેમની સામે પાલેજ પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી. કલમ ૩૫૪(એ)(ડી), ૫૦૪, ૫૦૬ (૨), ૫૦૯, ૧૧૪, એટ્રોસીટી મુજબ ગુનો નોંધાયેલો હોવાનું અને નાસતા ફરતા હોવાનું ધ્યાને આવતા ત્રણેયની ધરપકડ કરીને પાલેજ પોલીસને સોંપી દીધા છે.




# ગરીબ બાળકોને નિઃશુલ્ક દફતરનું વિતરણ કરાયું

ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલય શિક્ષણ સંકુલ શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ નામના ધરાવે છે. શિક્ષણની સાથે સાથે આ સંકુલના કર્મચારીગણ દ્વારા સામાજિક-આર્થિક રીતે પછાત એવા ઝુંપડપટ્ટીના ગરીબ બાળકો માટે નિઃશુલ્ક વર્ગો પણ ચલાવવામાં આવે છે. છાશવારે આ સંકુલના કર્મચારીઓ ગરીબ વિદ્યાર્થીઓને વિવિધ સહાય પણ કરતા હોય છે. આજે સંકુલના ગૃહપતિ જગદીશ ઉપાધ્યાય દ્વારા તેમના માતૃશ્રી સ્વ. સાવિત્રીબાના સ્મરણાર્થે આ ગરીબ બાળકોને સ્કૂલબેગનું નિઃશુલ્ક વિતરણ કર્યુ હતું. આ સદ્કાર્યમાં તેમની સાથે એ.એ. પટેલ કોમર્સ કોલેજના આચાર્યા ડો. વિજ્ઞા ઓઝા પણ જોડાયા હતા. (તસવીર : સમીર રામી)

# જીઈબી સ્વામી યોગાનંદ સ્કુલમાં પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું

## શાળા પંચાયતની ચૂંટણીમાં વિજેતા વિદ્યાર્થીઓનો શપથવિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૭

જીઈબી સ્થિત સ્વામી યોગાનંદ હાઈસ્કુલમાં પૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન અને શાળા પંચાયતની ચૂંટણીમાં વિજેતા થયેલ વિદ્યાર્થીઓનો શપથગ્રહણ સમારોહ મેયર હંસાબેન મોદીની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ગાંધીનગર પાસે આવેલ જીઈબી સ્થિત શ્રી સ્વામી યોગાનંદ હાઈસ્કુલમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું હતું. પૂર્વ વિદ્યાર્થીઓએ તેમના જીવનની પ્રગતિમાં શાળાનું મહત્વ વર્ણવ્યું હતું. પૂર્વ વિદ્યાર્થી હિરેન માંકડે શાળાકીય જીવનની યાદો તાજી કરી હતી. શાળાના આચાર્યએ સંસ્થા સાથે નાતો જાળવી રાખવા વિદ્યાર્થીઓને જણાવ્યું હતું. તેમજ સ્કુલમાં શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ચૂંટાયેલા વિદ્યાર્થી પ્રતિનિધિઓને વિવિધ ખાતાઓની જવાબદારીઓ સોંપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ડૉ. નિરંજન બારોટ અને ચિરાગભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ચિરાગભાઈએ વિદ્યાર્થીઓને વ્યસનથી દુર રહેવા માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં આચાર્ય ગોવિંદભાઈ એ.પી. પટેલ, જે.વી. પટેલ, હર્ષદરાય ઉપાધ્યાય સહિત શાળાનો સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# આજે ગાંધીનગરમાં

**આજનો દિવસ**

સૂર્યોદય : ૬.૦૧
સૂર્યાસ્ત : ૭.૩૧

**તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૯.૦ ડિ.સે.

**ભેજનું પ્રમાણ**

સવારે ૭૨ ટકા ● સાંજે ૮૨ ટકા

**મનોરંજન**

**સિટીપલ્સ**

**સ્ક્રીન-૨ :**
ગુડ્ડુ રંગીલા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૨.૩૦, ૭.૩૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (અંગ્રેજી) (૩ડી) : ૧૨.૦૦, ૫.૦૦

**સ્ક્રીન-૪ :**
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
સેકન્ડ હેન્ડ હસબન્ડ : ૨.૪૫, ૧૦.૧૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૪.૪૫ ● પપાનસમ (તમીલ) : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**
એબીસીડી - ૨ : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ગુડ્ડુ રંગીલા : ૧૦.૦૦

**આપની આજ**

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

**ચિરવિદાય**

- સ્વ. મેનાબેન મણીલાલ પરમાર (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૬૦૬/૨, સિદ્ધાર્થ પાર્ક, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. જયેશભાઈ રામજીભાઈ ચૌહાણ (ઉ.વ.૩૩) ઈન્દિરાનગર-૧૭૦, સે-૨૪, ગાંધીનગર
- સ્વ. સ્વ. જવાજી ચતુરજી ઠાકોર (ઉ.વ.૭૦) મુ. ફતેપુરા, તા.જી. ગાંધીનગર

# રાયપુર કેનાલમાંથી લવાડના યુવાનનો મૃતદેહ મળ્યો

## આપઘાતનું કારણ બહાર લાવવા ડભોડા પોલીસે ચક્રો ગતિમાન કર્યા

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. ડભોડા પોલીસને ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ કરતાં લવાડ ગામથી લાપતા યુવાનનો મૃતદેહ હોવાનું બહાર આવ્યુ હતુ. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

રાયપુર નર્મદા કેનાલમાંથી આજે બપોરના સુમારે એક મૃતદેહ મળી આવ્યો હતો. આ બનાવ અંગે ડભોડા પોલીસને જાણ થતા વડોદરા બીટના જમાદાર મુસ્તાખખાન તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મૃતદેહ બહાર નિકાળી પોલીસે તપાસ કરી તો લવાડ ગામથી ત્રણ દિવસથી લાપત્તા થયેલા અમૃતભાઈ કાંતિલાલ પ્રજાપતિ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે. જો કે હજુ સુધી આપઘાતનું ચોક્કસ કારણ બહાર આવ્યુ નથી.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરૂ કરશે

ગાંધીનગર, તા.૭

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા રાજપૂત સમાજના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાના બેઝીક કોર્ષની શરૂઆત આગામી સમયમાં કરવામાં આવનાર છે. કલાસીસમાં જોડાવા ઈચ્છુક રાજપૂત સમાજના યુવક-યુવતિઓએ સેકટર-૧૭ સ્થિત કાર્યાલયનો સંપર્ક કરવો. કલાસીસ તા. ૧૧ જુલાઈ સાંજે ૫-૦૦ વાગે શરુ કરવામાં આવશે. વધુ માહિતી માટે રમજુભા જાડેજા ૯૯૨૫૨ ૧૦૭૦૫, યોગેન્દ્રસિંહ જેઠવા ૯૯૨૪૪ ૫૦૦૦૭ પર સંપર્ક કરવા જણાવ્યું છે.



## સેક્ટર-૨-બીમાં સાક્ષાત મહાકાલેશ્વરના દર્શન

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન ભગવાન ભોળાનાથના ભક્તોનું ઘોડાપુર ઉમટે છે. પરંતુ અધિક માસ દરમિયાન પણ ભક્તોમાં અનેરૂ મહત્વ છે. દેવાધિ દેવ મહાદેવના દેશભરમાં બાર જ્યોર્તિલીંગો આવેલા છે. સેક્ટર-૨-બી ચન્દ્ર મૌલેશ્વર મહાદેવજીને અધિકમાસ નિમિત્તે ભોળળાનાથના ભક્ત દ્વારા મહાકાલેશ્વરની જેમ શણગારવામાં આવ્યું છે. મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે ઉમટી પડે છે.

## સેક્ટર-૨૧ દૂધ મંડળીમાં બિનહરીફ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીમાં



સેક્ટર-૨૧ બેઠક ઉપર કે.સી. શાહ ડીરેક્ટર તરીકે બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આગામી બારમી જુલાઈના રોજ ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીની ૧૫ બેઠકમાં ચૂંટણી યોજવામાં આવનાર છે.

ત્યારે અંદાજીત ૬ બેઠકો બિનહરીફ થઈ જવા પામી છે. સેક્ટર-૨૧ બેઠક ઉપર કે.સી. શાહ બિન હરીફ થતા તેમના સમર્થકોએ અભિનંદન પાઠવી ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી આશા વ્યક્ત કરી છે.

# ચિલોડાની ગ્રામ સભામાં વિકાસના પ્રશ્નો ચર્ચાયા

## હાઈવે પરના દબાણોના કારણે વરસાદી પાણીનો ભરાવો થવાની સમસ્યા : શાળાના જર્જરિત મકાનનું સમારકામ અને રમત-ગમતના મેદાનની માંગ કરાઈ

ચિલોડા, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામે ગ્રામ પંચાયત કચેરીમાં સરપંચ સવાજી ઠાકોરના અધ્યક્ષ સ્થાને ગ્રામસભાનું આયોજન કરાયું હતું. આ સભામાં ગામના અગ્રણીઓએ ઉપસ્થિત રહી વિવિધ પ્રશ્નોની રજૂઆત કરી હતી. આ ઉપરાંત ગ્રામસભામાં સામૂહિક વિકાસ કામોની સમીક્ષા પણ કરવામાં આવી હતી.

ગ્રામસભામાં ઓન લાઈન કુપન મેળવતી વખતે સર્વરની ક્ષતિ અંગે ફરિયાદ કરાઈ હતી. આ ઉપરાંત હાઈવે માર્ગ પરના દબાણોના કારણે વરસાદી પાણીનો ભરવો થવો, ચિલોડા એસટી પોઈન્ટની સમસ્યા, ૧૪મા નાણા પંચમાં ગટર લાઈન, શૌચાલય, પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટની પ્રાયોરીટી વગેરે પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ હતી. ગ્રામ સ્વચ્છતા તેમજ કચરાના નિકાલ અંગે ગ્રામ સેવકના બિન ઉપયોગી મકાન બાબતે, કિસાન ક્રેડીટ કાર્ડ અંગે પણ રજૂઆત થવા પામી હતી.


(તસવીર : નટુભાઈ પટેલ)

ગામમાં શિક્ષણું સ્તર સુધારવા માટે ડ્રોપ આઉ રેશિયો ઘટાડવા, પ્રાથમિક શાળાની ગ્રાન્ટ, જર્જરિત મકાનનું સમારકામ કરાવવા અને બાળકો માટે રમતગમતના મેદાન માટે પણ માંગ કરવામાં આવી હતી. ગ્રામજનો દ્વારા પંચાયતના યોગ્ય ઠરાવોના અમલીકરણ તેમજ તેનો ફોલોઅપ થાય તે બાબતે ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ચિલોડા સ્કુલ પાસેની પંચાયતની જમીનમાં ભેંસોનો વેપાર કરતા વેપારીઓને હટાવવા પણ રજૂઆત કરાઈ હતી. આ ગ્રામસભામાં અધિકારી તરીકે ડૉ. એ.બી.ઓઝા, જે.ઓ. દેસાઈ, તથા સી.એમ. મકવાણાએ ઉપસ્થિત રહી પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા. જો કે રાજય સરકારના મહિલા સશકિતકરણના પ્રયાસો છતાં ગ્રામસભામાં એક પણ મહિલા ન હોવાના પ્રશ્ને અનામતનો છેદ ઉડતો દેખાતા તમામ સ્તબ્ધ થઈ ગયા હતાં.

## આજે દાનગઢ-માનગઢનો મનોરથ કરાશે

ગાંધીનગર, તા.૭

શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે આજે બુધવારે દાનગઢ-માનગઢનો મનોરથ કરવામાં આવશે.

## ચક્ષુદાન લેવામાં આવ્યું

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સ્થિત હિરાબેન જયંતિલાલ ભાવસાર ઉ.વ. ૭૫ રહે. પ્લોટ નં. ૨૬૨/૨/એ, સેકટર-૨૫ ગાંધીનગરનું અવસાન ગત, ૫ જુલાઈના રોજ થયું છે. સ્વર્ગસ્થના કુટુંબીજનની સંમતિથી તેમના ચક્ષુઓનું દાન જુસિકા, ગાંધીનગર દ્વારા લેવામાં આવ્યું છે. સેવાકીય કાર્યમાં જુસિકાના ડૉ. મિતુલ પટેલ, સન્ની વાઘેલા જોડાયા હતા.

## લોકાયુક્તનો ૧૭મો વાર્ષિક અહેવાલ સુપ્રત કરાયો

ગાંધીનગર, તા. ૭

ગુજરાતના લોકાયુકત ન્યાયધિશ (નિવૃત્ત) શ્રી ડી.પી. બુચે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને ૧૭મો વાર્ષિક અહેવાલ સુપરત કર્યો હતો.